R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા


ESTD.YEAR- 20•ISSUE: 29 DATE: 16-07-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ લડવાનો કેજરીવાલનો મનસુબો જાહેર



આમ આદમી પાર્ટીના સુપ્રીમો અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુજરાતમાં ૨૦૧૭ની વિધાનસભાની ચુંટણી લડવાનો પોતાનો મનસુબો જાહેર કરી દીધો છે.ગુજરાતમાં સોમનાથ મંદિરની મુલાકાતે આવેલા કેજરીવાલે મંદિરમાં પુજા અર્ચના કરીને આર્શીવાદ લીધા હતા.ત્યારબાદ જાહેર સભાને સંબોધતાં ભ્રષ્ટ સરકારના શાસનમાંથી મુક્તિ મેળવવા માટે લોકોને આહ્વવાન કર્યુ હતું.અને અનિષ્ટ તત્વો સામે લડવાની શક્તિ આપે તેવા આર્શીવાદ માંગ્યા હતા.

કેજરીવાલ અને આપના અન્ય નેતા કુમાર વિશ્વાસે રાજકોટથી સોમનાથ જતાં રસ્તામાં ખેડુતોની સાથે પણ વાતચીત કરી હતી.તેમણે કહયુ હતું કે ગુજરાતની જનતા નક્કી કરશે કે આપે ચુંટણી લડવી કે નહીં.આ માટે તેઓ ફરીથી ગુજરાતમાં આવીને લોકોને મળશે.તેમણે કહ્યુ હતું કે અગાઉ સુરતની મીટીંગ ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા કેન્સલ કરવામાં આવી હતી.પરંતુ ભગવાન સોમનાથના દર્શન કરતાં સરકાર તેમને અટકાવી શકી નથી.ગુજરાતના ગતિશીલ વિકાસની વાતો થાય છે પરંતુ તે માત્ર વાતો જ છે.

## ધર્મ આધારિત બેકિંગ બંધારણ અને બેકિંગ નોર્મ્સની વિરુધ્ધ છે : વિહિપ

ભારતની અંદર ક્યારેય ધર્મ આધારિત બેકિંગ થઈ ન શકે.રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના વર્તમાન ગર્વનર રઘુરામ રાજન ગર્વનર પદે નહોતા ત્યારે વર્ષ-૨૦૦૮માં આ રીતે ઈસ્લામીક ડેવલપમેન્ટ બેંકની તરફેણ કરી હતી.પરંતુ ત્યારે તત્કાલિન ગર્વનરે તેને મંજુરી આપી નહોતી.કેમકે ધર્મ આધારિત બેકિંગ ભારતીય બંધારણ અને બેકિંગ નોર્મ્સ વિરુધ્ધ છે.એમ વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય જોઈન્ટ સેક્રેટરી ડો.સુરેન્દ્ર જૈને અમદાવાદ વિહિપ કાર્યાલય ખાતે ભારતમાં ઈસ્લામિક ડેવલપમેન્ટ બેંક શરુ કરવાનો વિરોધ કરતાં જણાવ્યુ હતું.આ પ્રકારની ધર્મ આધારિત બેંક ભારતમાં લાવીને રાષ્ટ્રવિરોધી ગતિવિધિઓને વેગ મળશે એમ કહીને તેમણે જણાવ્યુ હતું કે ગુજરાતમાં આ પ્રકારની બેંક શરુ થઈ રહી છે.ત્યારે આ મુદ્દે ભારત સરકાર ફરીથી વિચાર કરે અને બેંકને મંજુરી ના આપે.ભારતની અંદર ક્યારેક કોઈ ચોક્કસ ધર્મ આધારિત બેકિંગ થઈ ન શકે.વર્તમાન ઈસ્લામીક ડેવલપમેન્ટ બેંકને પણ મંજુરી મળવી ના જોઈએ. કેમકે આવતીકાલે તો ખ્રિસ્તી,જૈન ધર્મના લોકો પણ પોતાના ધર્મની બેંક માટેની માંગણી કરશે અને આ સ્થિતિ ભારતીય બંધારણની વિરુધ્ધમાં છે અને તેનાથી પણ આગળ કે આવી બેંક ઉપર રિઝર્વબેંક ઓફ ઈન્ડીયાનો પણ કોઈ કાબુ રહેતો નથી કેમકે લઘુમતી દરજ્જાને આધારિત હોય છે.ખાસ કરીને ચોક્કસ ધર્મની બેંકોમાં આવતું નાણું ક્યાં વપરાય છે, તે અંગે પણ માહિતી પ્રાપ્ત થતી નથી. ક્યારેક તે નાણાં આતંકવાદી પ્રવૃત્તિઓ પાછળ પણ વપરાઈ શકે તેવી સંભાવના રહેલી છે.

તેમણે કહયું કે ભારતમાં વર્ષ ૨૦૧૨માં કેરળ ખાતે આ પ્રકારની બેંક શરુ કરવા માટેની મંજુરી માંગવામાં આવી હતી.પરંતુ સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે આ રીતે ધર્મ આધારિત બેકને મંજુરી આપવી તે અસંવૈધાનિક છે.

જો કે બંધારણ મુજબ દેશના તમામ લોકોએ ચાલવું જોઈએ અને અધિકારોનું જતન કરવુ જોઈએ.

## મણિપુરમાં ભારતીય સેના અને અર્ધ લશ્કરી બળો અફસ્પાની ઓથે બળ પ્રયોગ ના કરી શકે : એન્કાઉન્ટરની વિગતો માંગતી સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે એક ચુકાદામાં કહ્યુ છે કે ભારતીય સેના અને અર્ધ લશ્કરી દળો મણિપુરમાં વિશેષ સત્તા હેઠળ કોઈ પણ પ્રકારની બળજબરી કરી શકે નહી કે બદલાની ભાવના રાખી શકે નહીં.સુપ્રીમ કોર્ટે આવા તમામ કેસની તપાસ માટે આદેશ કર્યો હતો.સુપ્રીમકોર્ટના આ નિર્ણયને કારણે કેન્દ્ર સરકાર પુર્વોત્તર રાજ્યોમાં અપનાવેલી નીતિને પગલે સાણસામાં આવી ગઈ છે. કોર્ટે કહ્યુ કે વિવાદાસ્પદ આર્મ્ડ ફોર્સીસ(સ્પેશીયલ પાવર)એકટ(આફસ્પા) લાગુ છે ત્યાં પણ આર્મી આ રીતે બળપ્રયોગ કરી શકે નહીં.સુપ્રીમે ૨૦૦૦-૨૦૧૨ સુધીમાં ભારતીય આર્મી દ્વારા મણિપુરમાં કરવામાં આવેલા ૧૫૨૮ એન્કાઉન્ટરોનો રેકોર્ડ પણ માંગ્યો છે.કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં આવા કેસોમાં સીબીઆઈ કે સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા તપાસની માંગણી કરવામાં આવી હતી.

જસ્ટીસ મદન લોકુર અને જસ્ટીસ આર.કે.અગરવાલની બનેલી બેન્ચે આ કેસમાં એમિક્સ ક્યુરી(કોર્ટ સહાયક)ને મણિપુરમાં થયેલા તમામ એન્કાઉન્ટરોની વિગતો આપવા આદેશ કર્યો છે.કોર્ટે જોકે એમ પણ કહ્યું કે આર્મી પોતે પણ આ કેસોની તપાસ પોતાની રીતે કરી શકે છે.નોધનીય છે કે મણિપુરમાં થયેલા મોટાભાગના એન્કાઉન્ટરો બોગસ હોવાનો આક્ષેપ થતો રહ્યો છે.કોર્ટે એમ પણ કહયુ હતું કે માનવ અધિકાર પંચની ભુમિકાની પણ તપાસ કરાશે કેમકે તે પણ આ તમામ કેસોમાં નકામુ પુરવાર થયું છે. કોર્ટે અગાઉ નોધ્યું હતું કે જે રીતે એન્કાઉન્ટરોમાં માર્યા ગયેલા લોકોના સગાસબંધીઓને સરકાર દ્વારા વળતર આપવામાં આવ્યુ છે તે જોતા એમ લાગે છે કે આ તમામ એન્કાઉન્ટરો બોગસ છે.એકસ્ટ્રા જ્યુડિશયલ એક્ઝિક્યુશન વિકટીમ ફેમીલીસ એસોસીયેશન વતી સીનિયર એડવોકેટ કોલીન ગોન્સાલ્વેઝે કહયુ હતું કે આ બધામાંથી ૬૨ કેસોમાં પોલીસે એક પણ એફઆઈઆર નોંધી નથી.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## સરકારી કર્મચારી માટે કાર્યવાહી માટે મંજુરીની જરુર નથી : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે સરકારી કર્મચારીએ કરેલા ગેરકાયદે કૃત્ય માટે તેની સામે કાનુની કાર્યવાહી કરવા મંજુરીની જરુર નથી.જસ્ટીસ જે.એસ.ખેહર અને સી.નાગપ્પનની બેન્ચે પંજાબ પોલીસના બ અધિકારીઓની અપીલ ફગાવીને આ ચુકાદો આપ્યો હતો.બે પોલીસ અધિકારીઓએ અરજીમાં એવી દલીલ કરી હતી કે તેમની સામે કાનુની કાર્યવાહીની મંજુરી ન મળે ત્યાં સુધી તેમની સામે ક્રિમિનલ કેસ ન થઈ શકે.વાહનની ચોરીના કેસમાં એક વ્યક્તિની સત્તાવાર ધરપકડ કર્યા વગર જ ચાર દિવસની અટકાયત કરવાનો આરોપ છે.

## પાટીદાર આંદોલનના નેતા હાર્દિક પટેલને નવ મહિના બાદ જેલમુક્તિ મળશે

પાટીદાર આંદોલનના નેતા હાર્દિક પટેલ જેમની પર સરકારે દેશદ્રોહનો કેસ દાખલ કર્યો હતો અને છેલ્લા નવ મહિનાથી જેલવાસ ભોગવી રહ્યા હતા તેમને આખરે કોર્ટે જામીન આપવાનું નક્કી કર્યુ છે.પરંતુ તેઓ મહેસાણાની હદમાંપ્રવેશવાની મનાઈ ફરમાવાઈ છે.જો રાજદ્રોહના કેસમાં મળેલા જામીનમાં શરત મુજબ તેણે છ મહિના સુધી રાજ્યની બહાર રહેવું પડશે.તેના પછી અન્ય ત્રણ મહિના બાદ તે કોર્ટના આદેશમાં સુધારા માટે અરજી કરી શકશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

વડાપ્રધાને પ્રધાનમંડળનું વિસ્તરણ કર્યુ અને ૭૫ વર્ષની ઉપરના નેતાઓને નિવૃત્તિ આપવાનો ચીલો ચાતર્યો.કેબિનેટના વિસ્તરણમાં નવા ૧૯ મંત્રીઓને સ્થાન આપવામાં આવ્યુ. ત્યારે એમ મનાતુ હતું કે નજમા હેમતુલ્લા અને કાલરાજ મિશ્રાને પડતા મુકાશે. પરંતુ ઉત્તરપ્રદેશમાં આવનારી ચુંટણીઓને લક્ષમાં લઈને કાલરાજ મિશ્રાને પડતા મુકાઈ તે યુપીના સંદર્ભમાં યોગ્ય નહી લાગતા તેમણે વણલખ્યા નિયમનું પાલન ના કર્યુ. જો કે નજમાએ ત્યારબાદ રાજીનામું આપી દીધું.નવા પ્રધાનોને જે તક આપવામાં આવી છે તેમાં તેમને તેમની પસંદગીને યર્થાથ ઠેરવવાની છે. જો કે વધુ નવા મંત્રીઓ ઉત્તર પ્રદેશમાંથી આવ્યા છે તે પણ ચુંટણીલક્ષી બાબત છે. વડાપ્રધાનને યુ.પી.ની ચુંટણીઓ જીતવા માટે અથાગ પ્રયત્નો કરવાના છે અને આ મંત્રીમંડળનો ચીપાયેલ ગંજીપો તે પૈકીનું એક શસ્ત્ર છે.કાલરાજ મિશ્રા ઉત્તરપ્રદેશના બ્રાહ્મણ સમુદાયના વગદાર નેતા છે.તેથી સંગઠનમાં તેમના જવાથી સંકટ ઉભુ થાય તે જોવા માટે તેઓ તૈયાર નથી તેથી મિશ્રાને સમાવી રાખવામાં આવ્યા છે.

દેશમાં મોઘવારી માઝા મુકી રહી છે.સંગઠનના પ્રશ્નો અને બીજી કેટલીક વિકટ સમસ્યાઓ મોઢું ફાડીને દેશ સમક્ષ ઉભી છે ત્યારે સરકારને તેમાંથી કેવી રીતે માર્ગ કાઢવો તે મોટી સમસ્યા છે.પક્ષની અંદરથી સરકારને વધુ સમસ્યાઓનો સામનો કરવો પડે છે.વિરોધપક્ષો સરકારને હંફાવી રહ્યા છે.સરકારના કેટલાક નિર્ણયોમાં કોર્ટે આપેલા સપ્તાઇ ભર્યા નિર્ણયોથી સરકારની બેઆબરુ થઇ છે.જો કે લોકસભાની ચુંટણીઓ વખતે જે મોદી લહેર હતી તેમાં ધીમે ધીમે ઓટ આવી રહી છે. લોકોનો ભરોસો તુટી રહ્યો છે.સરકાર આર્થિક મોરચે કોઇપણ નિર્ણયો કરે પરંતુ જ્યાં સુધી લોકોને લાગે વગળે છે ત્યાં સુધી મોંઘવારીના દરને નાથવા સમર્થ નહીં બને તો મેળવેલ બધી આબરુના લીરા ઉડી જવાના છે.દાળ ૨૦૦ રુપીયાના ભાવ તરફ ગતિ કરી રહી છે. ખાદ્ય તેલોમાં ભાવો સળગી રહ્યા છે.શાકભાજીના ભાવો બેફામ વધી રહ્યા છે. વેપારીઓ ગ્રાહકોને લુંટવામાં કોઇ કસર રાખી રહ્યા નથી. આ બધું ચાલતું રહ્યું તો સરકાર પાસે કોઇ વિકલ્પો બાકી રહે કે જેથી તેમની રહી સહી આબરુ બચી શકે.મોટી મોટી જાહેરાતો અને ખોટા વચનો ક્યાં સુધી પ્રજા મુક મને જોતી રહે કે સાંભળતી રહે.સામાન્ય પ્રજાને જીવવું જો ૨ વર્ષમાં જ સરકાર દોહલ્યુ કરી દેતી હોય તો તેનો વિકલ્પ શોધવા પ્રજા અવશ્ય વિચારશે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## કૈરાનાની હિંદુઓની હિજરત અંગે અહેવાલ આપનારા પાંચ સાધુઓ ને ભાજપે ધમકી આપી

ઉત્તરપ્રદેશમાં નજીકના સમયમાં આવી રહેલી વિધાનસભાની ચુંટણીઓમાં જીત અંકે કરવા માટે રાજકીય પક્ષો કેવા પેતરા રચે છે તેના એક ભાગ રુપે ભાજપે હિદુઓની હિજરતનો એક મુદ્દો ચગાવ્યો છે.તે પૈકી કૈરાનાના મુદ્દે ભાજપના સાંસદ હુકમસિંહે ઘૃણાનું રાજકારણ ઉભુ કર્યુ છે તેવો આક્ષેપ કૈરાનાની જાત તપાસ બાદ પાંચ સાધુઓને આપેલા અહેવાલ બદલ તેમને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવી છે.

આ પાંચ સાધુઓએ ગાઝિયાબાદ અને દિલ્હીમાં આવી ધમકી મળી હોવાનું જણાવી પોલીસ ફરિયાદ નોધાવતાં કહ્યુ હતું કે આ ધમકીઓ પાછળ ભાજપછે. તેઓ લખનઉથી પાછા ફરી રહ્યા હતા ત્યારે એક સાધુને ધમકીભર્યો ફોન મળ્યો હતો. ફોન કરનારાઓએ સાધુને જાનથી મારી નાંખવાની ધમકી આપી રહ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

બીજી તરફ વિશ્વ હિંદુ પરિષદના આતરાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણ તોગડીયાએ હિંદુ પલાયન મુદ્દે આવી રહેલા અહેવાલો વચ્ચે જણાવ્યુ હતું કે માત્ર કૈરાના જ નહી પણ દેશના અન્ય વિસ્તારોમાં હિંદુઓ હિજરત કરી રહ્યા છે.ભારત સરકારે આ મુદ્દે તપાસપંચની રચના કરવી જોઇએ.

જે રીતે પાંચ સાધુઓને અહેવાલ તૈયાર કર્યો છે તે પ્રમાણે ભાજપને આ અહેવાલમાં દમ લાગતો નથી. આ અહેવાલ તેમની પક્ષપ્રચારની ઝુંબેશને વેગ આપતો નથી. પરંતુ તેમની પોલ ખોલતો અહેવાલ છે તેથી સાધુઓને જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી છે.સત્તા પર આવ્યા બાદ ભાજપના ટેકેદારો કાયદાને પોતાની જાગીર સમજીને વર્તી રહ્યા છે.તેમની મરજી મુજબનુજ કામ થવું જોઇએ નહિતર તમે દેશદ્રોહી છે તેવું લેબલ લગાડી દેવાય.

## તમામ પદનિમણુંકમાં દિવ્યાંગો માટે ૩ ટકા અનામત આપવા સુપ્રીમ કોર્ટનું ફરમાન

કેન્દ્ર સરકારના ગ્રુપ એ અને બી પદ પરની નિમણુંક વખતે દિવ્યાંગને અનામતનો લાભ ના આપવા ભુતકાળમાં થયેલા આદેશોને રદ કરતાં સુપ્રીમ કોર્ટે ભારત સરકારના પદ અને સેવાઓ પર દિવ્યાંગોને ત્રણ ટકા અનામતનો લાભ આપવા ચુકાદો આપ્યો હતો.સરકાર આ આદેશ પહેલાં ગ્રુપ એ અને બીના પદ પર દિવ્યાંગોને અનામતનો લાભ આપતી નહોતી. ૧૯૯૭ અને વર્ષ ૨૦૦૫માં મેમોરેન્ડમ બહાર પડાતાં કર્મચારી બાબતોના મંત્રાલયે સીધી ભરતીથી ભરાનારા અને બઢતીથી ભરાનારા પદ સ્થાન વચ્ચે ભેદરેખા પણ ઉભી કરતાં એવી સ્પષ્ટતા કરી હતી કે ગ્રુપ એ અને બીમાં ભરાનારી ખાલી જગ્યાઓની નિમણુંક વખતે અનામતનો લાભ આપવામાં આવશે નહીં. જસ્ટીસ જે. ચેલામશ્વરે અને અભય એમ સ્પરે ચુકાદો આપતાં કર્મચારી બાબતના મંત્રાલયના તે મેમોરેન્ડમ ને પર્સન વિથ ડિસએબીલીટીસ(ઇકવલ ઓપોર્ચ્યુનીટી પ્રોટેકશન ઓફ રાઇટ એન્ડ ફુલ પાર્ટિસિપેશન એકટ ૧૯૯૫ના સંદર્ભમાં ગેરકાયદે જાહેર કર્યુ હતું.

સુપ્રીમ કોર્ટે વધુમાં ગ્રુપ એ અને બીમાં સીધી ભરતી કે બઢતીથી નિમણુંક તે પ્રકારના ભેદભાવ વિના જ દિવ્યાંગોને ત્રણ ટકા અનામતનો લાભ આપવા ફરમાન કર્યુ હતું. સુપ્રીમ કોર્ટની બેન્ચે એ બાબતની નોંધ લીધી હતી કે ૧૯૯૫માં કાયદો પસાર થયો હોવા છતાં દિવ્યાંગ સરકારી કર્મચારીઓની સંખ્યા ખુબજ ઓછી જોવા મળે છે.સરકારી પદ પર નોકરી મેળવવાના માર્ગમાં દિવ્યાંગો સામે પડેલા અવરોધો દુર કરવા કોર્ટે સુચના આપી હતી.

ભુતકાળમાં હાઇકોર્ટે પણ આવા પદ પર અનામતનો લાભ આપવા ફરમાન કર્યા હતા.પરંતુ કેન્દ્ર સરકારે તે આદેશોને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યા હતા.કોર્ટનો આ પહેલો ચુકાદો છે કે જે કોઇપણ પ્રકારના વર્ગીકરણ વિના દિવ્યાંગને અનામતનો લાભ આપવા કહે છે.રાજ્યસંચાલિત પ્રસાર ભારતીની નિમણુંક નીતિને પડકારતી આ અરજી પર સુપ્રીમે ચુકાદો આપ્યો છે.દેશમાં એકમાત્ર દિવ્યાંગ વરિષ્ઠ ધારાશાસ્ત્રી તરીકે એસ.કે.રુંગટા અરજદાર પક્ષે કેસ લડ્યા હતા.

## ઓનલાઇન મીડીયા પર ચીનમાં આકરા નિયમો લાગુ : ઉપજાવી કાઢેલા સમાચારો પ્રકાશિત કરવા પર પ્રતિબંધ મુકાયો

ચીનમાં ઓનલાઇન મીડીયા પર ગેરમાર્ગે દોરનારી સામગ્રી, ખાસ કરીને સોશ્યલ મીડીયાની સામગ્રી પ્રકાશિત કરવા પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. આ વર્ષે દેશના ઇન્ટરનેટ નિયામક દ્વારા ઘણી મુખ્ય વેબસાઇટોને કથિત રીતે ઉપજાવી કાઢેલા સમાચારો પ્રકાશિત કરવા બદલ દંડિત કરવામાં આવી હતી.જેને ધ્યાનમાં રાખતાં આ પગલું લેવામાં આવ્યુ હતું.

ચીનના ઇન્ટરનેટ નિયામકે જણાવ્યુ હતું કે ઓનલાઇન મીડીયાએ સોશ્યલ મીડીયા પરથી લીધેલી સામગ્રીના આધારે પ્રકાશિત કરવામાં આવેલા સમાચારોની પહેલાં સત્યતા સ્થાપિત કરવી પડશે.

સરકારી સમાચાર એજન્સી શિન્હુઆના સમાચારમાં કહેવામાં આવ્યુ ચહતું કે ચીનના સાયબર સ્પેસ પ્રશસન સીએસી દ્વારા જાહેર કરવામાં આવેલ નોટીસ મુજબ, વેબસાઇટોએ સ્ત્રોતનો ઉલ્લેખ કરવો પડશે.નોટીસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે આ વેબસાઇટો પર ઉપજાવી કાઢેલા સમાચારોના પ્રકાશન અને તથ્યો સાથે છેડખાની કરવા પર પ્રતિબંધ છે. ઉલ્લેખનીય છે કે સીએસીએ આ વર્ષે ઘણી ટોચની ન્યુઝ વેબસાઇટોને ઉપજાવી કાઢેલા સમાચારો પ્રકાશિત કરવા બદલ દંડિત કરી ચુકી છે.સત્યતા સ્થાપિત કરતાં સમાચારો ભારતમાં પણ હોવા જોઇએ જેથી અફવાઓ રોકી શકાય

અનુ. પાન નં ૪ નુ ચાલુ

બચાવમાં ઘણા ભાજપી નેતાઓ ગાયના આર્થિક મહત્વના ગાણાં ગાવા અને ખેતી તેમનું મહત્વ સમજાવવા બેસી જાય છે, કેમ જાણે એ લોકો સવાર-સાંજ ગાયોના પુંછડા આમળીને, ડચકારા બોલાવતાં બોલવતાં ખેતી કરતા હોય,ખેતીમાં યંત્રોના વધતા ઉપયોગને કારણે બળદો બેકાર થઇ રહ્યા છે. તેમનાં છાણ-મુત્ર 'ઓર્ગેનિક જંતુનાશક' તરીકેના ઉપયોગો વિશે પણ બઢાવી ચઢાવીને રજુ કરાતી વાતો કરતાં હકીકત જુદી છે. આંકડાના આધારે એવું તારવવામાં આવ્યું છે કે પશ્ચિમ બંગાળ,આંધ્ર પ્રદેશ કે તામિલનાડું જેવા રાજ્યોમાં ગૌહત્યા સામે આકરા કાયદા ન હોવા છતાં, એ રાજ્યો ખેતીવાડીમાં મોખરે છે. ગાયોનો મુદ્દો રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક બનાવવાને બદલે, તેના વ્યવહારુ પાસાં ગણતરીમાં લઇને પાંજરા પોળોમાં આવા પ્રાણીઓની સારસંભાળ લઇ શકે અને એમના ખાણદાણની સંપુર્ણ જવાબદારી સરકારે સમાજે લેવાની જરુરી છે.અને તોજ કતલખાને જતાં પશુઓને બચાવી સખાશે. પરંતુ હિંદુ સંસ્કૃતિ અને ગાયમાતનાડાબલા ચડાવી દીધા પછી,ભ્રષ્ટાચાર,કોમી લાગણ અને ધાર્મિક સંકુચિતતા સિવાય બીજા કોઇને આવા કાયદાથી લાભ થાય એમ લાગતું નથી.

લેખક : ઉર્વીશ કોઠારી,(સૌ. ગુ.સ.)

# હંમેશા હસતા રહેવું એ તંદુરસ્તીની નિશાની છે

હાસ્ય વિશે વાત કરતાં પહેલા જોઇએ તો સાહિત્યમાં નવ રસ છેઃ કરુણ, રોદ્ર, શાંત, ભયાનક, વીર, શૃંગાર,અદ્‌ભુત,હાસ્ય અને બિભત્સ. હાસ્ય આ નવ રસમાંનો એક છે. હાસ્યની જે પુષ્ટિ કરે છે તેને હાસ્યરસ કહેવાય છે.એના પણ ત્રણ ભેદ છે : મંદ,મધ્યમ અને અતિ. કિશોરલાલ મશરુવાલાએ કહ્યું છે : સામાન્ય રીતે કટાક્ષ,મર્મ હાસ્ય અને હાસ્ય - એ હાસ્યરસના સાધનો છે.એમ આપણે માનીએ છીએ.કેટલાક લોકો વિકૃત ચેષ્ટા,વિકૃત વેશ કે વિકૃતવાણી સાંભળીને દાંત દેખાય એ રીતે હસતા હોય છે.સામેનાન ઉડાવતા હોય છે.તૌને ઠઠ્ઠા મશ્કરી કહેવાય છે.કેટલાક લોકોની હાસ્યવૃત્તિ અદ્‌ભુત હોય છે. હસવાનું અને આનંદ લેવાનો, પણ હસતાં હસતાં બંધ થઈએ ત્યારે સમજાય કે હાસ્યની પાછળ કેવી કરુણતા છુપાયેલી છે ?કોઈએ ખાસ કહ્યું છે : હસો,ખુબ હસો, પણ હસવાસમ ના બનાવો જીંદગી.બીજા લોકો આપણને હસી કાઢે,એવી જીંદગી બનાવવી જોઈએ નહી. આપણે મશ્કરીને પાત્ર થવું, આપણી કોઈ હાંસી ઉડાવે એવું કોઈ કાર્ય ક્યારેય ન કરવું. આપણે જાણીએ છીએ કે હાસ્ય એક ઉત્તમ ઔષધ છે.જે માણસ ખુલ્લા મનથી, મનમાં કશું પણ રાખ્યા વિના ખડખડાટ હસી શકે છે, એણે ડોકટરને ત્યાં જવું પડતું નથી.જુદા જુદા લોકો જુદી જુદી રીતે હસતા હોય છે.કેટલાક માત્ર હોઠથી, તો કેટલાક હૃદયથી હસતા હોય છે.જે માત્ર ઔપચારિકતા ખાતર, લુખ્ખે લુખ્ખુ હસતો હોય, એનો ભરોસો ક્યારેય ના કરી શકાય.કેટલાક લોકો હૃદયની ગહનતામાંથી હસતા હોય છે.આજે તો હાસ્ય પણ માર્કેટ જેવું બની ગયું છે.કોઈ પાત્ર ભજવતા હોઈએ, હસવું પડે તો હસીએ, પણ એક નાટકરુપે,એવા હાસ્યમાં આત્મીયતાન અણસાર પણ ન હોય.હાસ્ય તો પ્રથમ વરસાદ પછી ધરતી ચીરીને બહાર આવતી લીલાશ જેવું હોવું જોઈએ.

હાસ્ય -ન.(સં)હસવું તે. આટલો અર્થ થાય છે. હંમેશા હસતા રહેવું એ તંદુરસ્તીની નિશાની છે. આપણે કહીએ છીએ કે હસે તેનું ઘર વસે, આપણે જાણીએ છીએ કે હાસ્ય એ ફુલ જેવું હોય છે. જેમાં ભારોભાર નિર્દોષતાનો અહેસાસ થાય છે.પણ કોઈ સુગંધ વિનાનું ફુલ પસંદ કરતું નથી.લુખ્ખુ હાસ્ય કોઈને ગમતું નથી.હાસ્ય પણ ભીતર ભેદીને આવવું જોઈએ. હાસ્યમાં પણ સુગંધ હોવી જોઈએ. હાસ્યને બળજબરીથી લાવી શકાતું નથી. દિગ્દર્શક અભિનેતાને સુચના આપે, હસે હસો, તો અભિનેતા હસે, હાસ્યમાં ઔપચારિકતા આવે ત્યારે તે નાટક બની જાય છે.કોઈની સાથે હસ્તધુનન કરવાનું,ખાલી ખાલી હાથ જોડીને નમસ્તે નમસ્તે બોલતા જવાનું અન ચહેરા પર હાસ્ય લાવવાની બનાવટ કરવાની ! એન હાસ્ય ન કહેવાય.જે હાસ્યરસિક છે એનુ વ્યક્તિત્વ પણ ઉભરી આવે છે.એનો આગવો પ્રભાવ પડતો હોય છે.એ સૌનો પ્રિય હોય છે.એક સરસ ઉક્તિ છે.હાસ્ય એવી ભાષા છે, જેને બાળક પણ સમજી શકે છે.માણસના હૃદયમાંથી સ્કુરેલું એક સ્મિત કોઈના જીવનની અધુરપને દુર કરી શકે છે.હાસ્ય એ માણસને જીવવા માટેનો એક આધાર છે.હાસ્યથી દીર્ઘાયું બની શકાય છે.મનમાં કોઈ પણ તાણ રહેતી નથી.તન-મન સ્ફુર્તિમાં રહે છે.આનંદથી જીવો-લાંબુ જીવો. ગાંધીજીએ પણ કહ્યુ છે : જો મારામાં વિનોદનો ગુણ ન હોત તો મે ક્યારની આત્મહત્યા કરી લીધી હોત. હાસ્યથી બધો જ ભાર હળવો બની જાય છે. જગતનો ખ્યાતનામ હાસ્ય અભિનેતા ચાર્લી ચેપ્લીને કહ્યું છે કે હાસ્ય વગરનુ જગત વિનાશને પાત્ર છે.જેનામાં હસવાની ક્ષમતા નથી, અથવા પોતાના ધંધા-રોજગારમાં એટલો બધો રચ્યોપચ્યો રહે છે કે એના હાસ્યે એની પાસેથી દેશવટો લીધેલો હોય છે એવા લોકો જીવતે મુઆ બરાબર છે.

મહર્ષિ અરવિંદે રહ્યું છે : હાસ્ય એ જીવનનો રસ છે.માત્ર એ સાહિત્યના નવ રસમાંનો એક નહી,પણ માણસના જીવાતા જીવનનો પણ એક રસ છે. સતત ટેન્શનમાં રહેતો માણસ ખુલ્લા દિલથી જો હસી શકે નહી તો તે વેળાસર ગુજરી જાય છે. અબ્રાહમ લિંકને પણ કહ્યું છે કે રાત દિવસ એટલો ભયંકર તનાવ માર પર રહે છે કે જો હું હસું નહી તો મરી જાઉ.આજનો યુગ તો ભયંકર ટેન્શનવાળો છે. ક્ષણે ક્ષણે જાગૃત રહેવું પડે છે.વધારે પડતી સાવધાનીના કારણે માણસ મુક્તિથી જીવી શકતો નથી.એમાંય, જો એનું હાસ્ય વિલાઈ જાય તો કેવા પરિણામ આવે ?ઘણા થોડા લોકોના ચહેરા ઉપર નિર્દોષ હાસ્ય હોય છે.નિર્દોષ હાસ્ય એટલે શું ? રામચરણ મહેન્દ્રે તેમના આનંદમય જીવનમાં કહ્યું છે કે દુધ પીતા શિશુ જેવું નિર્દોષ હાસ્ય રેલાવે છે એવું હાસ્ય મસ્તીથી, દુઃખોને દુર કરવાની અસલી દવા છે.જેના હૃદયમાં કોઈપણ પ્રકારનું કપટ ના હોય,કોઈના પ્રત્યે સહેજ પણ દ્વેષભાવ ન હોય એવા હાસ્યની વાત છે. કેટલાક લોકો બીજાની પાસેથી બદલો લઈને ખંધુ હસતા હોય છે.એવા હાસ્યમાં નિર્દોષતા કેવી ?હાસ્ય કેવું હોય ? વિલિયમ રોસ્ટરે કહ્યું છે : જેમ નદીમાં આવેલા પુરને રોકી શકતા નથી,કારણકે બંને પ્રાકૃતિક પરિસ્થિતિ છે.જે બનાવટી હાસ્ય હોય એ કુદરતી હોઈ જ શકે.કુદરતી હાસ્ય તો ઝરણાની જેમ અંદરથી ફુટતું હોય છે. માણસ કેવા પ્રકારનું હસે છે. એના પરથી એની પ્રકૃતિનો ખ્યાલ આવતો હોય છે.કોઈપણ મનુષ્યના હાસ્ય પરથી ઘણીવાર તેના ગુણ-અવગુણ અને પ્રકૃતિ પારખી શકાય છે.અમુક વ્યક્તિ હસીને પોતાના ચારિત્ર્યદર્શન પણ કરાવી શકે છે.અવલોકનશક્તિ તથા સામુદ્રીક જ્ઞાનથી હાસ્યમાં છુપાયેલા ગુણદોષ જાણી શકાય છે.સમજદાર વ્યક્તિ તમારા હસવાની ઢબ પરથી તમને પારખી શકે છે.તમે માત્ર હસવા ખાતર હસો છો ,સામેની વ્યક્તિને સારુ લગાડવા હસો છો, અથવા સાચા દિલથી હસો છો,એની ચાડી તમારો ચહેરો ખાતો હોય છે.હાસ્યના ઘણા પ્રકાર હોય છે.કોઈ મરક મરક હસે છે.તો કોઈ મુખ મલકાવી મંદ હાસ્ય કરે છે. અમુક દિલ ખોલીને મધુર હાસ્ય કરે છે.તો કેટલાક ખડખડાટ હસી પડે છે.આ દરેક હાસ્ય પાછળ કાંઈ ને કાંઈ રહસ્ય અથવા મનની ઈચ્છાઓનો ભાવાર્થ છુપાયેલો હોય છે.તમારા મનમાં કેવો ભાવ પડેલો છે એ તમારા હાસ્ય પરથી પરખાય છે.

સંત તિરવલ્લુવરે કહ્યું છે :મનુષ્યને આપત્તિનો સામનો કરવામાં સ્મિતથી વધારે કોઈપણ ચીજ સહાયભુત થતી નથી.આપધાત કરવા જતા માણસને કોઈ નાનકડું સ્મિત આપે તો એના વિચારોમાં બદલાવ આવી શકે છે.માણસનુ સ્મિત તો દુઃખી આત્માનો આશરો છે.બળબળતા બપોરમાં લિમડાનો મીઠો છાંયડો છે. સ્મિત તો, સ્મિત તો આમ્રકુંજમાં ટહુકતી કોયલ છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી,
(સૌ.સંદેશ)

IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May ‘16,Sept.16
November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા.
૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *

# ભારતમાં પર્ફોમન્સને આધારે મુલવણી નથી : સામ પિત્રોડા

ટેલીકોમવિશ્વ સાથે સંકળાયેલા અને કોંગ્રેસ સરકારે દેશમાં આમંત્રિત કરેલા વ્યવસાયી સામ પિત્રોડાએ રિર્ઝવબેન્કના ગર્વનર રઘુરામ રાજનને બીજી ટર્મ માટે નિયુક્તિ ના આપવા બદલ મોદી સરકારની ટીકા કરી હતી.તેમણે કહ્યુ હતું કે ત્રણ વર્ષ સેવા આપ્યા પછી રાજીનામું આપવા રાજને નિર્ણય લીધો તેનાથી તેમને કંઈ આશ્ચર્ય થયું નથી. પહેલાં તો રાજન વિરુધ્ધ અભદ્ર ભાષામાં નિવેદનો આપવા એક વ્યક્તિને કામે લગાડવામાં આવી હતી. તેમણે આંતરરાષ્ટ્રીય દરજ્જાના નિષ્ણાંતને નિશાન બનાવ્યા. તે પછી વિશ્વશનીયતા અને રાષ્ટ્રીયતા પર પણ સવાલ ખડા કરવામાં આવ્યા. રાજને ભારત આવીને વ્યવસાયિક ત્યાગ કર્યો હતો. પરંતુ બદલામાં તેમને શું મળ્યું છે.

સામ પિત્રોડાએ કહ્યુ કે રાજન પ્રતિ તેઓ સહાનુભુતિ ધરાવે છે. તેમનું સન્માન કરે છે. આવી સ્થિતિમાં તેમણે આત્મગૌરવ જાળવી રાખ્યું. આવી સ્થિતિમાં તેમની વિદાય દેશને નુકશાન સમાન કહી શકાય. પિત્રોડાએ કહ્યુ કે તેઓ રાજનને કોઈ મદદ કરી શકે તેમ નથી. પરંતુ રાજીવ ગાંધી સાથેના કાર્યકાળમાં તેમના પર પણ પ્રહારો થતા હતા તે વાતની તેમને યાદ આવે છે.

તેમણે કહ્યુ હતું કે અમેરિકામાં ઉંચા વેતન અને સુવિધાનજક જીવનશૈલી છોડીને રાષ્ટ્રનિર્માણ માટે આવવું કોઈપણ વ્યવસાયી માટે સરળ કામ નથી હોતું.પરતું અહીં પર્ફોમન્સ અને ચમસપોશી વચ્ચે જ સંઘર્ષ છેડાઈ જાય છે. વ્યક્તિની મુલવણી તેના પર્ફોમન્સ અને ઉત્પાદતાને આધારે નથી થતી.

તેમણે કહ્યુ કે ભારતની વ્યવસ્થા મહદંશે સામંતશાહી,બિનલોકશાહી વલણો ધરાવતી અનવર્ગીકૃત છે. જેમની પાસે સામર્થ્ય આવે તેમનુ જ સન્માન થાય છે.

# તમામ ધર્મો અંધશ્રધ્ધા અને જુઠ્ઠા છે : માર્કન્ડેય કાત્જુ

પુર્વ સુપ્રીમકોર્ટ જજ માર્કન્ડેય કાત્જુએ કહ્યુ હતું કે તમામ ધર્મ માં અંધશ્રધ્ધા છે અને તેના બદલે વિજ્ઞાનને સ્થાન આપવું જોઈએ. ટ્વીટર પર પોતાના મંતવ્યો રજુ કરતા પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના પુર્વ ચેરમેને કહ્યુ હતું કે કોઈ ધર્મ સુધારો ન લાવી શકે. તમામ ધર્મો અંધશ્રધ્ધા જ છે. તેના બદલે વિજ્ઞાનને જ સ્થાન મળવું જોઈએ. તમામ ધર્મો ખોટા અને અંધશ્રધ્ધાથી ભરપુર છે.સત્ય વિજ્ઞાનમાં જ સમાયેલું છે જે સતત વિકસતું જાય છે. કાત્જુએ કહ્યુ હતું કે જો ભારતે પ્રગતિ કરવી હોય તો તેણે ચોક્કસપણે ધર્મથી વિજ્ઞાન તરફ જવું જોઈએ.કાત્જુ હંમેશા વિવાદાસ્પદ નિવેદનો અને મંતવ્યો આપવા માટે જાણીતા છે.ગત મહિને તેમણે પોતાના કીપ અને ફ્રોમ વિમેન શીર્ષકના બ્લોગમાં લખ્યુ હતું કે પૌરાણિક સમયથી વિશ્વના મોટા વિવાદોમાં મહિલાઓની ભુમિકા અગત્યની રહી છે.

# ગૌરક્ષા, હિંદુત્વ,અને કાયદો : કોણ ચઢે ગૌરક્ષાના નામે માનવ હત્યા કે ગૌહત્યા

તાજેતરમા સૌરાષ્ટમાં ગૌરક્ષાના મુદ્દે મૃતક ગાયનુ ચામડુ ઉતારનારા દલિત લોકોને ગૌરક્ષા કરનારા કેટલાક લોકોએ ભારે માર માર્યો અને પોલીસ ચોકી સામે ફેકી દીધા.

પરિણામે દલિત વિરુધ્ધ સવર્ણો જેવી લડાઇને નોતરુ અપાઇ ગયું. હજુ હાલમાં પાટીદારો સામેની લડાઇ માંડમાંડ પતી છે.પરંતુ તે ઉપરછલ્લી જ છે.અંદરતો અગ્નિ ભારેલો છે.ક્યારે આગમાં પરિવર્તીત થઇ જાય તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે.દલિત લોકો પૈકી અમુક લોકો મરેલા ઢોરનું ચામડુ કાઢીને તેનો વેચી કાઢતા હોય છે.આ દાયકાઓથી ચાલતી આવતી પ્રક્રિયા છે જેને કારણે પગરખાના ચામડા મળી રહેતા.અને ગામડે ગામડે પગરખાં બનાવતા લોકો રોજી રોટી કમાતા.સુથાર,મોચી,દરજી,નાઇ જેવી વિવિધ ક્ષેત્રે સંકળાયેલી કોમો તેમના પિતૃક વ્યવસાયમાં જોડાઇને પોતાની રોજીરોટી કમાતા.ધીમે ધીમે આધુનિકકરણ થતાં અમુક વ્યવસાયોમાં નવીનીકરણ આવતાં તે વ્યવસાયામાં મંદી આવી ગઇ.

જોકે છેલ્લા થોડાક વર્ષોમાં જીવદયાને નામે ભારે વેપલો ઉભો થયો છે.જીવદયાના નામે અનેક લોકો ચરી ખાય છે.જાનવરોના ચારાના નામે નાણાં રળી પોતે ચરી ખાય તેવા અનેક સમાચારો સમાચારપત્રોમાં છપાઇ ચુક્યા છે.

હવે ખરેખર જીવદયાને નામે કેટલાંક ગુનાહિત તત્વો ખંડણી ઉઘરાવતાં થઇ ગયા છે.તાજેતરમાં સમાચારો પ્રસિધ્ધ થયા તેમાં જાણવા મળ્યું કે દેહ વિક્રય કરતી મહિલાઓ પાસેથી કેટલાક ગુનાહિત તત્વો કે માથાભારે તત્વો હત્પા ઉઘરાવે છે.પોલીસ જેમ ગુનેગારી પ્રવૃત્તિઓમાં કરે છે તેમ કરનાર એક માથાભારે તત્વનો એક વર્ગ ઉભો થયો છે.માંસનો ધંધો કરનારા કસાઇઓ પાસેથી જીવદયાના નામે ખંડણી લેનારા તત્વો મોજુદ છે.આ બધા તત્વોને રાજકારણીઓનો અને ધાર્મિક આગેવાનોનો ટેકો હોય છે. પરિણામે આવા ધંધાઓ વિકસ્યા છે. ખરેખર તો આ બધાને ધંધાની વ્યાખ્યા આપી શકાય.દારુબંધી હોવા છતાં ગુજરાતમાં કરોડો રુપીયાનો વેપાર દારુનો ચાલે છે.જેમાં પોલીસ અને રાજકારણીઓનું મેળાપીકરણ જગ જાહેર છે.

તાજેતરમાં દલિતો પર થયેલા ગૌરક્ષકો દ્વારા અત્યાચારના સમાચારો સંસદ સુધી ગાજ્યા. અને દિવસો સુધી ગાજશે.ઉત્તરપ્રદેશ અને બીજા રાજ્યોમાં આવનારી ચુંટણીઓમાં રાજકીય પક્ષો તેમની ખીચડી પકાવશે.પરંતુ ખરેખર આવા પ્રશ્નો ઉભા થવા જોઇએ જ નહી.જો કે ગૌરક્ષા અને હિદુત્વ અને કાયદો બાબતે એક લેખ પ્રકાશિત થયેલા તે વાચકોના તલસ્પર્શી અભ્યાસ માટે ફરીથી પ્રસ્તુત કરીએ છીએ.

ભારતમાં જેમ સ્ત્રીઓને 'દેવી' અને 'શક્તિનો અવતાર' ગણાવ્યા પછી તેમનું શોષણ કરવામાં તેમને ઉતરતી ગણવામાં કશું બાકી નથી રખાયું, એવી જ રીતે, ગાયોને 'માતા' ગણીને તેમની અવદશા કરવામાં પણ કોઇ કસર રહી નથી.

ચાર વર્ષ પહેલાં ગુજરાત અને હમણાં મહારાષ્ટ્ર-હરિયાણામાં ગૌવંશ હત્યા તથા બીફ(ગૌમાંસ)ના ખરીદ-વેચાણને સજાપાત્ર ગુનો બનાવતાં કાયદા અમલમાં આવ્યા. તેની વાત કરતાં પહેલાં થોડી વક્તાઓ નોંધી લઇએ.

ગાંધીજી આસ્થાળુ હિંદુ તરીકે ગાયના પરમ ભક્ત અને ગૌવંશને બચાવવાના આગ્રહી હતા.સંઘ પરિવાર અને હિંદુ મહાસભા પ્રકારના, હિંદુ ધર્મના બની બેઠેલા ઠેકેદારો પણ પોતાને પ્રખર ગૌભકત ગણાવતા હતા.ગાયની કતલ સામે તેમને વાંધો હતો, પણ ગાંધી હત્યાથી તેમાંના ઘણા રાજી થયા હતાં - અને એવા વિચારવાળા ઘણાને હજુ પણ ગાંધીજી હત્યાનો અફસોસ થતો નથી.

મહારાષ્ટ્રમાં બીફ વિરોધી કાયદો આવ્યા પછી કતલખાના ચલાવનારાઓએ હડતાલ પાડી.તેના લીધે મુંબઇમાં સંજય ગાંધી નેશનલ પાર્કના હિંસક પ્રાણીઓને તેમના રોજીંદા ખોરાક વગર ચલાવવુ પડ્યું. સંજય ગાંધીના પત્ની મેનકા ગાંધી પ્રખર પશુપ્રેમી તરીકે જાણીતા છે.પરંતુ એક તરફ વાઘ-સિંહ અને બીજી તરફ હિંદુત્વના રક્ષકો વચ્ચે મેનકા ગાંધી શુ કરી શકવાના ?

દંભનું પ્રતિક

ગાય સાથે સંકળાયેલા કેટલાક મુખ્ય મુદ્દા : ગોપાલન- ગોસંવર્ધન, ગૌરક્ષા અને ગૌમાંસ, હિંદુત્વવાળા આ મુદ્દાને એકરૂપ અને એકબીજા સાથે ગુંચવાયેલા ગણવાને બદલે, તેમને અલગ પાડે છે અને તેમાંથી પોતાના સ્વાર્થને અનુરૂપ એવા મુદ્દા ચગાવે છે.

સૌથી પહેલો સવાલ ગોપાલન-ગોસંવર્ધનો લઇએ, રખડતી ગાયો સામે કડક કાર્યવાહી થાય ત્યારે, સામેનો પક્ષ આક્રમક બચાવમાં કહે છે 'ગાય તો માતા કહેવાય. એને હાંકીને ડબ્બામાં પુરતા શરમ આવવી જોઇએ' પરંતુ આવી દલીલ કરનારને એટલું જ પુછવાનું થાય કે 'વધારે શરમ કોને આવવી જોઇએ '? રસ્તે રઝળતી 'માતા'ને લઇ જનારને કે પછી ગાયને માતા કહ્યા પછી તેને રસ્તે રખડતી મુકી દેનારને ?'

ભારતમાં જેમ સ્ત્રીઓને દેવી અને શક્તિનો અવતાર ગણાવ્યા પછી તેમનું શોષણ કરવામાં-તેમને ઉતરતી ગણવામાં કશું બાકી નથી રખાયું.એવી જ રીતે, ગાયોને માતા ગણીને તેમની અવદશા કરવામાં પણ કોઇ કસર રહી નથી.એ હિંદુ ધર્મના નામે ચાલતા દંભનું વરવું પ્રતિક છે. ભારતમાં ગાયોની દયનીય સ્થિતિ વિશે ક્યાંય તપાસ કરવા જવાની જરુર નથી. રસ્તે ચાલતાં જ તેનો પ્રત્યક્ષ અનુભવ થઇ શકે એમ છે.ગૌભકિત અને ગૌરક્ષાની બડી બડી વાતો કરનારા રાજનેતાઓને ગોચરની જમીનો વેચાઇ જાય ત્યારે ગાયનું હિત યાદ આવતું નથી. ભારતમાં ગાયોની અને પાંજરા પોળની અવદશા ગાંધીજીના સમયથી શરમનો અને ચિંતાનો વિષય રહ્યા છે.તેમના સમયમાં ગાયો કોમી લાગણી ઉશ્કેરનારુ પરિબળ પણ બની હતી. બીજી તરફ,ગાયો માટે ગાંધીજીએ ક્યારેક આશ્ચર્યજનક લાગે એ હદનો પુજ્યભાવ પ્રગટ કર્યો હતો.છતાં,અનેક વાર તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું, કાયદાથી ગાયની કતલ કદી અટકાવી નશકાય...જેમ કોઇ માણસનો જાન બચાવવા,એ જાન ગમે તેવો કિંમતી હોય તો પણ હું ગાયની હિંસા ન કરુ, તેવીજ રીતે કોઇ ગાયનો જાન બચાવવા હું માણસની પણ હિંસા ન કરું... આખી પૃથ્વીના લોકો ગાયની રક્ષા કરતા થઇ જાય એટલો મોટો મારો મનોરથ છે, પણ તેમાટે મારે પ્રથમ તો મારુ ઘર સારી રીતે સાફ કરવું જોઇએ... કાયદો કરીને ગોવધ બંધ કરવાથી ગૌરક્ષા નથી થઇ જતી, એ તો ગૌરક્ષાના કાર્યનો અલ્પમાં અલ્પ ભાગ છે.જે કાયદાની સામે સમજુ અને વ્યવસ્થિત લોકમતનો વિરોધ હોય અથવા ધર્મને બહાને નાનકડા મંડળનો પણ વિરોધ હોય તો તે કાયદો સફળ ન થાય.

પરંતુ પોતાની ટુંકી સમજ પ્રમાણે કે પછી રાજકીય ચાલબાજી મુજબ હિંદુત્વની વાતો કરનાર ગાયો ઉપરાંત બળદ અને વાછરડાં(ગૌવંશ)ની કતલ પર પ્રતિબંધ મુકીને પોતાની ગૌભક્તિ માટે પોરષાય છે.મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર બની એટલે તેના શરુઆતનાં કામોમાં એક ગૌરક્ષા વિરોધી કડક કાયદો બનાવવાનું હતું. આ જાતના કાયદામાં કરવા ખાતર ગાયોની દેખરેખ રાખવાની વાત થઇ હોય, પણ ખરો ભાર અને કાયદાની ખરી રાજકીય અપીલ ગોહત્યા કરનાર માટે જાહેર કરાયેલી સજામાં હોય છે.તેનાથી દર્શાવી શકાય છે કે 'જુઓ જુઓ ,અમે કેવા સુપરહિંદુ છીએ, અમે હિંદું વિરોધી ગોવિરોધીઓ સામે કેવા કડક હાથે કામ લઇએ છીએ.'

મહારાષ્ટ્રના કાયદા પ્રમાણે, ગાયો ઉપરાંત બળદોની કતલ ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.સાથો સાથ બીફની ખરીદી કે તેના વેચાણને પણ ગુનો ઠરાવવામાં આવ્યો છે. નવા કાયદા પ્રમાણે,કોઇ બીફ વેચતા કે ખરીદતા પકડાય તો તેને રૂ. ૧૦ હજારનો દંડ અને મહત્તમ પાંચ વર્ષ સુધીની જેલની સજા થઇ શકે છે.કાયદામાં દંડ અને સજાની જોગવાઇ હોય છે.( 'તોડ'ની રકમ તો બંન્ને પક્ષો વચ્ચે પરસ્પર સમજુતીથી નક્કી થાય છે

દરમિયાન હરિયાણામાં ભાજપની સરકારે પણ આ પ્રકારનો કાયદો પસાર કરી દીધો છે. તેમાં ઠરાવ્યા પ્રમાણે, ગૌહત્યા માટે જવાબદાર વ્યક્તિને મહત્તમ દસ વર્ષની જેલની સજા અને રૂ૩૦ હજારથી રૂ એક લાખ સુધીનો દંડ થઇ શકે છે.બીફ વેચનારને મહત્તમ પાંચ વર્ષની સખત કેદની સજા અને રૂ ૫૦ હજાર સુધીનો દંડ થઇ શકે છે. આ બાબતમાં મહારાષ્ટ્ર અને હરિયાણાં કરતા ગુજરાત આગળ છે.ગુજરાતમાં વર્ષ ૨૦૧૧માં પસાર થયેલા કાયદા અંતગર્ત ગૌહત્યા ઉપરાંત કતલના હેતુથી ગાયોની હેરફેર કરનાર અને બીફ વેચનાર-ખરીદનારને પણ આવરી લેવામાં આવ્યા છે.તેમાં વધુમાં વધુ સાત વર્ષની જેલની સજા અને મહત્તમ રૂ ૫૦ હજારના દંડની જોગવાઇ છે.પરંતુ આજ સુધી ગાયોની કતલ કરનારને કે વેચનારને સજા ક દંડ થયો હોય તેવા પ્રસંગો કે ઘટના બહુ જ જવલ્લેજ જોવા કે સાભળવા મળી છે.

ગાયોની દેખભાળ રાખી ન શકતી અને ગોચરની જમીનો હડપ કરી જતી સરકારોને ગૌરક્ષાના નામે વ્યક્તિગત સ્વાતંત્ર્ય પર તરાપ મારતા કાયદા બનાવવાનો શો અધિકારછે, એ પાયાનો સવાલ છે.ખેતીવાડીમાં ગાયોના મહત્વને લઇને તેમના રક્ષણ માટે પ્રયાસ થાય તે આવકાર્ય છે,પણ એ પ્રયત્નો નકારાત્મક ,દંડાત્મક નહી,વિધેયાત્મક હોવા જોઇએ. રાજકીય સ્વાર્થ કે ટોકન હિંદુત્વથી પ્રેરિત આવા કાયદાના

અનુ. પાન નં. ૨ ઉપર


વિનંતી
તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

તંત્રી: પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.